सत्यमेव जयते

| | |
|---|---|
| મળ્યા તારીખ | 23/04/2024 |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | 23/04/2024 |
| ફેંસલ કર્યા તારીખ | 01/01/2025 |

| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | | | |

........................................................................

**૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.**

........................................................................

**<u>ક્રિ.કેસ નં. 49926/2024</u>**

**<u>આંક–૦૬.</u>**

| | |
|---|---|
| **ફરીયાદી** | **શ્રી સરકાર** |
| | **વિ.** |
| **આરોપી** | **૧. રાહુલ સ/ઓ છનાજી ઠાકોર, ઉ.વ.પુખ્ત, રહેઃ અમદાવાદ.** |

ફરીયાદ પક્ષે વિ એ.પી.પી. શ્રી એચ.એસ.પંચાલ
બચાવ પક્ષે વિ વ શ્રી. એસ.જી. ઈન્દ્રેકર.

આક્ષેપિત કલમો : ઈ.પી.કો. કલમ – 379 મુજબ

**–::: <u>ઠ રા વ</u> :::–**

(૧) આ કામે ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકતો એવી છે કે, આ કામના આરોપીએ, આ કામના ફરિયાદીશ્રીને, તા.૨૧/૦૮/૨૦૨૩ ના કલાક ૨૦:૩૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ગુરૂવિલા સોસાયટીના મેઈન ગેટની

બહાર લોક કર પાર્ક કરેલ હતી જે એકટીવાનો નં. GJ-01-LW-8233 નો છે તથા ચે.નં. ME4JF505FGT490099 તથા એં.નં. JF50ET3490238 નો જે હોન્ડા કંપનીનું 3G સને ૨૦૧૬ ના મોડલનુ જે એકટીવા સફેદ કલરની જેની હાલની કિંમત આશરે રૂા.૧૫,૦૦૦/– ની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તો લોક તોડી ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કર્યો જે બાબતને ઈ.પી.કો. કલમ **379 એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.** 11191046230401/2023 મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો. તે બાબતની ફરિયાદ નોંધાતા તક શ્રીએ તપાસ કરીને પુરતા પુરાવા હોઈ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ. સદર કામે ગુનો નોંધાતા આ કામના તપાસ કરનાર અમલદારે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલાં, ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલું અને આ કામના આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરેલું.

(૨) આ કામના આરોપીને સમન્સની બજવણી નીયમો અનુસાર આગળની કાર્યવાહી કરવામાં આવેલ. જેમાં કલમ ૨૦૭ સીઆરપીસી તથા કલમ ૩૨૦ નો પણ સમાવેશ થાય છે.

(૩) ફરિયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલાં છે :–

| આંક | વિગત |
|---|---|
| **03** | ફરીયાદી ટેકચંદ હુંદરાજમલ ટહેલીયાની ની સોગંદ પરની જુબાની. |
| **04** | ફરીયાદ. |
| **05** | કલોઝીગ પુરસીસ. |

ત્યારબાદ સદર કામે ફરિયાદપક્ષે મોટાભાગના અને મહત્વના સાહેદોને તપાસેલ હોય અને અન્ય કોઈ વધુ સાહેદોને તપાસવા જરૂરી ન જણાતા હોય ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૪) આ કામે ન્યાયીક કાર્યવાહી આગળ કરવામાં આવી. જે મુજબ જુનાં કેસો સત્વરે નીકાલ કરવાનુ

નામદાર સુપ્રિમ કોર્ટનુ HUSSAIN VS UOI 2017 નું જજમેન્ટ મુજબ જુનાં કેસો સત્વરે નીકાલ કરવાનાં છે. તથા વળી તે મુજબ ગુજરાત હાઈકોર્ટ નો ૨૦૧૭ નો પરિપત્ર પણ છે. જે મુજબ કાર્યવાહી કરી.

(૫) ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીને તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો સાંભળી.

(૬) પક્ષકારોના પક્ષ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

(૧) શું ફરિયાદપક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ, આ કામના ફરિયાદીશ્રીને, તા.૨૧/૦૮/૨૦૨૩ ના કલાક ૨૦:૩૦ થી ૧૧:૦૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે ગુરૂવિલા સોસાયટીના મેઈન ગેટની બહાર લોક કર પાર્ક કરેલ હતી જે એકટીવાનો નં. **GJ-01-LW-8233** નો છે તથા ચે.નં. **ME4JF505FGT490099** તથા એં.નં. **JF50ET3490238** નો જે હોન્ડા કંપનીનું **3G** સને ૨૦૧૬ ના મોડલનુ જે એકટીવા સફેદ કલરની જેની હાલની કિંમત આશરે રૂા.૧૫,૦૦૦/– ની ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તો લોક તોડી ચોરી કરી લઈ જઈ તપાસ દરમ્યાન પકડાઈ જઈ ગુનો કર્યો જે બાબતને ઈ.પી.કો. કલમ **379** **એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.** 11191046230401/2023 મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ માટેના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે :–

***મુદ્દા નંબર :– ૧***

(૯) આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટે કરેલ પરિપત્ર ૫/૭/૨૦૧૬ તથા તેમા જણાવેલ નામાદર કેરાલા

હાઈકોર્ટનો જજમેન્ટ Y P BAIJU VSS STATE OF KERALA CRI M C 3212/2007 તથા YESUDAS VS SUB INSPTECTOR OF POLICE KALAMASSSERY CRI MC 3606/2007 મુજબ કોન્ઝાઈલેશન એ એક તરફી પ્રક્રિયા છે. તથા બે બાજુની પ્રક્રિયા નથી. જે બાબત હાલનાં કેસમાં પણ સુસંગત છે. જે સબબ જયારે જયુડીશીયરી પણ કેસોનું ખુબ જ ભારણ છે અને કેસમાં વધુ કોઈ બાબત હવે બહાર આવી શકે તેમ નથી. તે સંજોગોમાં આ કેસ હવે ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયી હકીકત બહાર આવી શકે તેમ નથી.

(૧૦) વધુમાં, નામ. સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ **1998** CRI. L. J. **2481** State of Karnataka v. G. Narayanamurthy AIR **2008** (SC) pG **1969** & **2012** ACC (**76**) pG **279** Shiji @ Pappu Vs Radhika સહીતનાં સંખ્યા બંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય તથા મુખ્ય ફરીયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરીયાદ પક્ષ ને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કીમતી સમય અન્ય સાહેદો ને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. કોર્ટ માં કેસો નુ ભારણ છે. તથા તે અંગે જો ફરીયાદી મુખ્ય ભોગબનનાર જ જાતે વિમુખ હોય અને ફરીયાદ પક્ષ ને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગો માં આરોપી સામે નો કેસ ક્રીમીનલ જયુરીશ્પ્રુડંશ મુજબ નીઃશંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી.વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) ક્રાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદા માં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો એ ફરીયાદ પક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકી નાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

**આંક–૦૩** થી **ફરીયાદી ટેકચંદ હુંદરાજમલ ટહેલીયાની** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૨૧/૦૮/૨૦૨૩ ના રાતના સાડા આઠેક વાગ્યાના સુમારે તેઓ તેમની એકટીવા બહારથી આવી તેમના ઘર આગળ ગુરુવિલા સોસાયટીના મેઈન ગેટની બહાર લોક કરીને મુકેલ અને તેઓ જમી પરવારીને સુઈ અને સવારે તા.૨૧/૦૮/૨૦૨૩ ના કલાક ૨૩:૦૦ એકટીવા લેવા જતા એકટીવા જણાયેલ નહી જેથી તેઓએ એકટીવા આજુબાજુ ઘણી બધી શોધ કરવા છતા મળી આવેલ નહી જે એકટીવા કોઈ અજાણ્યો ચોર ઈસમ એકટીવાનું લોક ખોલી અગર તો તોડી એકટીવાની ચોરી કર લઈ ગયેલ હોય જેથી તેઓએ એરપોર્ટ પો.સ્ટે.માં ફરીયાદ કરેલી. તેઓએ કરેલ ફરીયાદ તેમને બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે આ તે જ ફરીયાદ છે જેમા તેમની સહી છે જે ઓળખે છે. જે ફરીયાદ રજુ **દા.આં .–૦૪** આપવામાં આવે છે. હાલ તેઓને તેમની એકટીવા મળી ગયેલ છે. આ કેસ આગળ ચલાવવો નથી આરોપીને ઓળખતા નથી. ચોરી કોણે કરેલી તે પણ તેમને ખબર નથી.

**જયારે ભારત દેશમાં કોટી માં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે જયારે હાલ નાં કેસ માં મુખ્ય મહત્વનાં સાહેદે ફરીયાદ પક્ષ નાં કેસ ને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકી નાં સાહેદો ને તપાસ વાથી પણ ક્રીમીનલ જયુરીશપ્રુડંશ મુજબ કેસ નીઃશંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી. આમ, ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થનકારી પુરાવો આ કામે તપાસેલ સાહેદો પૈકી કોઈપણ સાહેદ આપતાં ન હોય આ કામે ફરિયાદપક્ષ આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય આ કામના આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર હોવાનુ જણાય છે તથા તે સબબ તેઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ જેથી *મુદ્દા નં.૦૧નો જવાબ "નકારમાં"* આપવામાં આવે છે. તથા આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.**

**:: આખરી હુકમ ::–**

૧. આ કામના આરોપીને ફોજદારી કાર્યવાહી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે ઈ.પી.કો. કલમ– **379** મુજબના ગુનામાંથી શંકાનો લાભ આપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીએ નવા સુધારેલા ક્રીમીનલ પ્રોસીજર કોડની જોગવાઈ મુજબ અગાઉ આપેલ જામીન અપીલ સમય સુધી ચાલુ રાખવા.

૩. અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય બીનકીમતી મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો. આ કામે ત.ક. એ ન અપાયેલ હોય તેવો કીમતી મુદ્દામાલ વિગેરે મળી આવે તો ફરીયાદીની ખરાઈ કરીને ફરીયાદીને સોંપવો.

આ હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: અમદાવાદ
તા: **01/01/2025**

(પી.પી. પટેલ)
૧૨ માં અધિક ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી, કોર્ટ નં.૫.
જીજે૦૦૯૪૨